Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

104

# શિક્ષક-પ્રશિક્ષકોનું શિક્ષક વ્યવસાય પ્રત્યેનું મનોવલણ

**રવિરાજસિંહ એ. ઝાલા**

એમ.એસસી., એમ.એડ.

**સારાંશ**

પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષક-પ્રશિક્ષણાર્થીઓ શિક્ષક વ્યવસાય પ્રત્યે કેવા વલણો ધરાવે છે તે જાણવાના હેતુથી પ્રયોજકે તૈયાર ઉપકરણ (મનોવલણ માપદંડ)નો ઉપયોગ કર્યો હતો. તેના આધારે પાત્રોના આંકડાકીય સ્મૃતિઆંક પ્રાપ્ત થયા હતા.ટી-મૂલ્ય મેળવવા માટે એકસેલ પ્રોગ્રામનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અભ્યાસના વ્યાપવિશ્વ તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બી.એડ્.નો અભ્યાસક રતા ૨૧૬ તાલીમાથીઓની નમૂના તરીકે પસંદગી કરવામાં આવી હતી. ઉપકરણ તરીકે રચવામાં આવેલ વ્યવસાય પ્રત્યેનું મનોવલણનો ઉપયોગ કરવામાં આવેલ હતો. માહિતીનું પૃથક્કરણ ટી-કસોટી દ્વારા કરવામાં કરવામાં આવેલ હતું. અભ્યાસના અંતે જાણવા મળ્યું કે તાલીમાર્થી અને તાલીમાર્થીનીઓ બંને શિક્ષક વ્યવસાય પ્રત્યે સમાન મનોવલણ ધરાવતા હતા.

**1.0 પ્રસ્તાવના**

આજના પ્રવર્તમાન સમયમાં મનુષ્યની પ્રગતિમાં શિક્ષણનો ફાળો અભૂતપૂર્વ છે. જ્ઞાનમાં વિસ્ફોટની સાથે સાથે શિક્ષણની શાખાઓ પણ વિકસી અને વિસ્તરતી રહી છે. ભૌતિક અને સામાજિક ક્ષેત્રોમાં તાલીમ લીધેલા કુશળ વ્યક્તિઓની જરૂરિયાત વધી રહી છે અને આ જરૂરિયાત શિક્ષણ પૂરી પાડી રહ્યું છે. આથી જેઓ શિક્ષક બનવા જઈ રહ્યા છે તેઓનું શિક્ષક વ્યવસાય પ્રત્યેનું મનોવલણ જાણવા પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

**2.0 હેતુ**

પ્રસ્તુત અભ્યાસનો હેતુ આ મુજબ હતો.

1. જાતીયતાના સંદર્ભમાં શિક્ષક-પ્રશિક્ષણાર્થીઓનું શિક્ષક વ્યવસાય પ્રત્યનું મનોવલણ જાણવું.

**3.0 સંશોધનનું ક્ષેત્ર**

પ્રસ્તુત અભ્યાસ 'માપન અને મૂલ્યાંકન' ક્ષેત્રને સ્પર્શતું હતું.

**4.0 સંશોધનનો પ્રકાર**

પ્રસ્તુત સંશોધનનો પ્રકાર સંખ્યાત્મક સંશોધન તથા વ્યવહારુ સંશોધન હતું.

**5.0 ઉત્કલ્પના**

પ્રસ્તુત અભ્યાસની શૂન્ય ઉત્કલ્પના આ મુજબ રચવામાં આવી હતી.

1. તાલીમાર્થી અને તાલીમાર્થીનીઓમાં શિક્ષક વ્યવસાય પ્રત્યેના મનોવલણ માપદંડ પરના વલણાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

## 6.0 અભ્યાસમાં સમાવિષ્ટ ચલો

પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ ચલો આ મુજબ હતા.

**૧. સ્વતંત્ર ચલ**, પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે જાતીયતા હતી. જેની બે કક્ષાઓ (૧) તાલીમાર્થીઓ અને (૨) તાલીમાર્થીનીઓ હતા.

**૨. પરતંત્ર ચલ.** પ્રસ્તુત અભ્યાસમાં પરતંત્ર ચલ તરીકે શિક્ષક વ્યવસાય પ્રત્યેના મનોવલણના પ્રાપ્તાંકો હતા.

## 7.0 વ્યાપવિશ્વ અને નમૂનો

પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કોલેજમાં અભ્યાસ કરતા તાલીમાથીઓ પૂરતું સીમિત હતું. જ્યારે વ્યાપવિશ્વમાંથી પ્રતિનિધિરૂપ નમૂનો મેળવાવ માટે પ્રયોજકે અનુકૂળ નમૂના પદ્ધતિએ બી.એડ કોલેજમાં અભ્યાસ કરતા ૮૩ તાલીમાર્થીઓ અને ૧૩૩ તાલીમાર્થીનીઓની નમૂના તરીકે પસંદગી કરી હતી.

## 8.0 સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ સર્વેક્ષણ સંશોધન પદ્ધતિ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.

## 9.0 ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં વ્યવસાય પ્રત્યેનું મનોવલણ માપદંડનો ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

## 10.0 માહિતી એકત્રીકરણ

અભ્યાસકે માહિતીનું એત્રીકરણ કરવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન વિવિધ બી.એડ્. કોલેજની રૂબરૂ મુલાકાત લઈ અને પાત્રોને અભ્યાસના હેતુથી જાણ કરી તેમને કરવાના કાર્ય અંગે માહિતી આપી હતી. પાત્રોને જરૂરી સૂચના આપ્યા બાદ મનોવલણ માપદંડમાં વિગત ભરવા કહેવામાં આવ્યું અને વલણો મેળવ્યા હતા.

## 11.0 પૃથક્કરણ પ્રવિધિ

પ્રસ્તુત સંશોધનમાં માહિતીનું પૃથક્કરણ ટી- કસોટી દ્વારા કરવામાં આવેલ હતું.

## 12.0 માહિતીનું પૃથક્કરણ

નમૂનામાં લીધેલ તાલીમાર્થી અને તાલીમાર્થીનીઓ જૂથોના સરેરાશ વલણાંકોના તફાવતની સાર્થકતા નક્કી કરવા માટે બંને જૂથોના પાત્રોનું વર્ગીકરણ કરી સરાસરી, પ્રમાણવિચલન તથા સાર્થકતા કક્ષા વગેરેના અંકશાસ્ત્રીય અંકો તારવવામાં આવ્યા હતા. જે સારણીમાં દર્શાવેલ છે.

**સારણી**

**જાતીયતા અનુસાર બંને જૂથના સરેરાશ વલણાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જાતીયતા | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી-મૂલ્ય |
|---|---|---|---|---|---|
| 1 | તાલીમાર્થીનીઓ | 133 | 92.47 | 8.00 | 0.3 |
| 2 | તાલીમાર્થીઓ | 83 | 92.14 | 7.72 | |

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

સારણીનું અવલોકન કરતા જાણવા મળે છે કે બી.એડ. કોલેજોના તાલીમાર્થીનીઓ ૧૩૩ અને તાલીમાથીઓ ૮૩ એમ કુલ ૨૧૬ પાત્રોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં ૧૩૩ તાલીમાર્થીનીઓની સરાસરી ૯૨.૪૭ અને તાલીમાથીઓની સરાસરી ૯૨.૧૪ જોવા મળી તથા તાલીમાર્થીનીઓનું પ્રમાણ વિચલન ૮.00 અને તાલીમાથીઓનું પ્રમાણ વિચલન ૭.૭૨ જોવા મળ્યું હતું. બંનેના તફાવતનું ટી-મૂલ્ય 0.3 જોવા મળ્યું હતું જે સાર્થક ન હતું. આથી શન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવી છે. આથી કહી શકાય કે તાલીમાર્થી અને તાલીમાર્થીનીઓનું વ્યવસાય પ્રત્યેનું મનોવલણ સમાન જોવા મળ્યું હતું.

### 13.0 તારણ

પ્રસ્તુત અભ્યાસનું તારણ આ મુજબ હતું.

1. શિક્ષક-પ્રશિક્ષણાર્થીઓનું શિક્ષક વ્યવસાય પ્રત્યેનું મનોવલણ સમાન જોવા મળ્યું હતું.

## સંદર્ભ સૂચિ

ઉચાટ, ડી.એ. (૨૦૧૨). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, (દ્વિતીય આવૃતિ), રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

ઉચાટ, ડી.એ. (૧૯૮૮). સંશોધનનું સંદોહન. રાજકોટ : શિક્ષણ શાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

ઉચાટ, ડી.એ. (૧૯૮૯-૨૦૦૬). સંશોધનોનો સારાંશ. રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

ઉચાટ, ડી.એ. (૧૯૮૮). સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો ? રાજકોટ : નિજિજન સાયકો સેન્ટર.

દેસાઈ, હ. ગુ. અને દેસાઈ, કૃ. ગો. (૧૯૯૨). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ (૫ મી આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

ઝાલા, એન. વી. (૨૦૦૯). માધ્યમિક શિક્ષક-પ્રશિક્ષકોનું શિક્ષક વ્યવસાય પ્રત્યેનું મનોવલણ. અપ્રકાશિત એમ.એડ. લઘુશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.